વાર્ષિક લવાજમ રૂ. ૨૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૨૯ : અંક - ૩ * આદ્યતંત્રી : જયન્તિકા જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * ફેબ્રુઆરી-૬, ૨૦૧૦

# જનસૂનવાઈ

## અમદાવાદમાં વસાહતો અને આજીવિકાનું વિસ્થાપન...

અહમદશાહ બાદશાહે બનાવેલું અમદાવાદ શહેર આજે વીસમી સદીમાં છે. આપણા શહેરનો જૂનો નકશો ભૂંસાયો છે, ઔડા વિસ્તારની હદ પણ શહેરમાં મળીને ભૂંસાઈ ગઈ છે... છેવાડે જે ખેતરો હતાં તે વેચાઈ વેચાઈને મૉલ બને, કે હાઉસિંગ સોસાયટી બને, દુકાનો બને, રસ્તાઓ બને. શહેરમાં જાતજાતનાં વિકાસનાં પ્રોજેક્ટ આવ્યા છે. જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રિન્યૂઅલ મિશન હેઠળ, રોડ પહોળા થાય, અન્ડરબ્રીજ બને, ફ્લાયઓવર બને, ચકચકાટ જનમાર્ગ પર બીઆરટીએસની બસો દોડે અને હા, આ બસોનો દબદબો ભારે હોં ! ચાર રસ્તા પડતાં હોય ને બસ પસાર થાય તો ચારેય બાજુનો ટ્રાફિક બંધ અને સડસડાટ બસ રોફભેર આગળ વધે !! ચારેય બાજુ કેટલાં વાહનો લાચારીથી ઊભા રહીને આ જોતાજોતા ધૂમાડો ફેંકતા જાય. પર્યાવરણકી ઐસી કી તૈસી... કાંકરિયા લેક ફ્રન્ટ ડેવલપમેન્ટ, સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ અને આના અમલીકરણ માટે ટી.પી. સ્કીમ, - (ટાઉનપ્લાનિંગ સ્કીમ)ના ભાગ રૂપે દબાણ ખસેડવાનાં કામો હાથ ધરાય.

*આજે જ આ લખી રહી છું ત્યારે જ ફોન આવ્યો કે, ભદ્રથી ત્રણ દરવાજા સુધીના બધા જ વેચનારાને ઉઠાડી મૂક્યા છે. પહેલાં થયું કે ૨૬મી જાન્યુઆરીના લીધે 'સિક્યોરિટી'ના કારણે હશે... પણ ના, એવું નથી. ભદ્રના સમગ્ર વિસ્તારનું નવીનીકરણ થાય છે. જવાહરલાલ નેહરૂ નેશનલ અર્બન રિન્યૂઅલ મિશન હેઠળ... ૭૭ કરોડ રૂપિયા ફાળવાયા છે. છાપામાંના સમાચારમાં આ નવીનીકરણનો પ્લાન વિગતે વાંચ્યો. ક્યાંય આ વેચનારાનો સમાવેશ નથી થયો !*

*આ જ આપણું સહિયારું અમદાવાદ... ?*

આ દબાણ એટલે અસંગઠિત ક્ષેત્રના કામદારો... આવા હજારો કામદારોનાં ઘરો અને આજીવિકા વિકાસમાં હોમાઈ છે અને હોમાશે... થોડા આંકડા આપું તો આ વિવિધ પ્રોજેક્ટના કારણે અંદાજે ૧૩.૪ ટકા ઝૂંપડામાં રહેનાર કે વેચનારાં અસરગ્રસ્ત થયાં છે. અને જે ગરીબોનાં ઘરો ગયાં છે તેમાંથી માત્ર ૧૦ ટકાનું જ પુનર્વસન થયું છે. આ પુનર્વસનની જગ્યાઓ શહેરની આસપાસ જંગલ જેવા વિસ્તારોમાં મોટાભાગે થયું છે. આ ગરીબ શ્રમજીવીઓનાં ઘર તો ગયાં, સાથે આજીવિકા પણ... પતંગ બનાવનારાઓ દાણીલીમડામાં રહેતાં હોય તેમને વૈકલ્પિક જગ્યા પીપળજમાં આપે !! હવે પીપળજમાં આ પતંગ બનાવનારાને ક્યાંથી માલિક કે કોન્ટ્રાક્ટર રૉમટીરિયલ આપવા આવે ? એમની રોજગારી તો ગઈ જ ને ?

'સેવા'એ કરેલા એક સર્વેમાંથી બહાર આવ્યું છે કે, આ વિકાસના પ્રોજેક્ટ હેઠળ અંદાજે ૧૫ ટકા વેચનારાની આજીવિકા બંધ થઈ છે કે ઓછી થઈ છે. અને કોઈ જ વૈકલ્પિક વ્યવસ્થા નથી આપવામાં આવી. આ વેચનારાઓ માટે 'સેવા'એ વર્ષ ૨૦૦૬માં માનનીય ગુજરાત હાઈકૉર્ટમાં જાહેરહિતની અરજી કરી છે કે વેચનારાઓ માટે ૨૦૦૪ના વર્ષમાં કેન્દ્રસરકારે રાષ્ટ્રિય નીતિ ઘડી છે તેના પરથી અમદાવાદ શહેરના એક લાખ જેટલાં વેચનારાંઓ માટે યોજના બનાવાય, આમાં હાઈકૉર્ટે વચગાળાનો હુકમ પણ આપ્યો છે કે, અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશને આ માટે યોજના ઘડવી પણ આ તો હજુ 'પ્રોસેસ'માં જ છે...!

આ અસંગઠિત ક્ષેત્રના કામદારો આપણા શહેરનો જે વિકાસ થઈ રહ્યો છે તેના ભાગરૂપ નથી રહ્યા... તેમને બહાર રાખીને નગરનો વિકાસ થાય છે. અમે ચોક્કસપણે માનીએ છીએ કે, નગરનો વિકાસ જરૂરી છે, આવકારદાયક છે કારણ કે તેનાથી નગરમાં વસતા લોકોની સુખાકારી વધે છે. પણ, આ વિકાસ નગરમાં વસતા તમામ નગરવાસીઓને સાથે રાખીને થવો જોઈએ. અમુક વર્ગ માટે જ નહીં, કારણ કે સહુકોઈ આ જ નગરના નાગરિક છે. આ વિકાસ ગરીબો, શ્રમજીવીઓના ભોગે નહીં... સમગ્રતાથી વિકાસ થાય તો જ નગર હસતું, શ્વસતું રહે.

આ બધા પ્રશ્નોને વાચા આપવા અને વિકલ્પોની ચર્ચા કરવા 'આપણું સહિયારું અમદાવાદ' મંચ હેઠળ તા. ૧૯-૧૨-૦૯ના રોજ જનસૂનવાઈ થઈ. જેમાં, સેવા, આઈઆઈએમ, સેપ્ટ, સાથ, રહેઠાણ અધિકાર મંચ, ગુજરી બજાર ઍસોસિયેશન, ઍક્શન એઈડ જેવી સંસ્થાઓ તેમ જ અમદાવાદ શહેરનાં બુદ્ધિજીવીઓ અને આનાથી અસરગ્રસ્ત શ્રમજીવીઓએ ભાગ લીધો. અને જ્યુરીમાં ઍક્ટીવીસ્ટ, નિવૃત્ત આઈએએસ ઑફિસર, પ્લાનર, સંશોધકો હાજર રહ્યાં. સંચાલન સૅપ્ટનાં દર્શિનીબહેન મહાદેવીયાએ કર્યું.

પહેલા ભાગમાં નગરના વિકાસના વિવિધ પ્રોજેક્ટથી જે શ્રમજીવીઓને અસર થઈ છે કે થવાની છે તેની રજૂઆત કરી અને બીજા ભાગમાં આ વિષયોનાં નિષ્ણાતોએ પોતાનાં મંતવ્યો દર્શાવ્યાં. આમાંના થોડાની રજૂઆતોના અંશો મેં અહીં મૂકવા પ્રયત્ન કર્યો છે.

સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટના લીધે રવિવારી ગુજરી બજારને ખસવા જણાવ્યું છે. ગુજરી બજારના પ્રમુખ નફીસભાઈ કહે કે, સન, ૧૪૧૪માં અહેમદશાહ બાદશાહ દ્વારા આ બજારની શરૂઆત થઈ હતી. જૂની વપરાયેલી વસ્તુઓ સસ્તાભાવે મળે, ૨૦૦૦ જેટલાં વેચનારાંનું ગુજરાન ચાલે, બજાર નિયમિત ટૅક્સ પણ ભરે કૉર્પોરેશનને. જોકે, ૧૯૭૫ પછી ભાડા કરાર રિન્યુ નથી થયો... મોટું સંકટ છે અમારા ગરીબો પર... આ જ બજારમાં જૂનાં પુસ્તકોય વેચાય, બાપ-દાદાના જમાનાથી આ ધંધો કરે. આખું અઠવાડિયું આ વેચનારાં જૂનાં પુસ્તકો ફરી ફરીને એકઠાં કરે અને રવિવારીમાં વેચે. કેટલાંય વિદ્યાર્થીઓ આ પુસ્તકો પર ભણીને ઉચ્ચ હોદ્દા શોભાવે છે પણ હવે આ ગુજરીને હટાવાશે તો કેટલાંય વેચનારાં નિરાધાર થશે...

મને પણ થાય કે, આ બધા આટલાં જૂના, ઐતિહાસિક બજાર તો તેમને ખસેડવા કરતાં 'હેરીટેજ' હેઠળ ના ગણવાં જોઈએ ??

પીપળજમાં ગણેશનગર ખાતે ખસેડાયેલાં કમલાબેનની વાત સાંભળીએ તો, ૨૦ વર્ષથી તે દાણીલીમડા રહે, ત્યાંથી ખોડિયારનગરમાં ઘર બનાવ્યું અને હવે તેમને કૉર્પોરેશને ખસેડીને પીપળજ મોકલ્યાં, ગણેશનગરમાં !! ગણેશનગરમાં પુષ્કળ ગંદકી, કોઈ જ પ્રકારની સુવિધા નહીં. વાહનવ્યવહારનીય સુવિધા નહીં અને આને લીધે દર્દીને શહેરમાં લાવતાં મોડું થાય તો તે રસ્તામાં જ મૃત્યુ પામે તેવા બનાવોય બન્યા છે. જંગલ જેવો વિસ્તાર... ઝેરી જીવ-જંતુ કરડવાનો ભય, જુવાન છોકરીઓ અને બહેનોની છેડતી સામાન્ય બની ગઈ છે. અમારાં બાળકોનું શું ભવિષ્ય ?

તો 'સેવા'નાં આગેવાન વેચનાર ચંપાબેન ફતાભાઈ, બાપુનગરના ખોડિયારનગરમાં શાકભાજી વેચે તેમણે રજૂઆત કરી કે, 'નેશનલ હાઈવે નંબર-૮ પર ચાલી રહેલા બી આર ટી એસના પ્રોજેક્ટના કારણે ખસેડાયાં છે. ૧૫ વર્ષથી હું શાકભાજી વેચું માર્કેટમાં, કૉર્પોરેશને તેમને બહાર રોડ ઉપર વેચવાનું કહેતાં બધા લારીવાળા રોડ ઉપર. અમને તો બધાય ભગાડે. – પોલીસ, કૉર્પોરેશન, દુકાનવાળા પણ અમે કુટુંબ ચલાવવા મુશ્કેલીઓ વેઠીનેય ધંધો કરતાં. હવે આ બીઆરટીએસનું કામ શરૂ થતાં, આખુંય સ્વાભાવિક બજાર તૂટી ગયું છે. અમને સરકારના વિકાસનાં કામોનો વિરોધ નથી પણ વર્ષોથી વેચતા અમારા જેવાને વૈકલ્પિક વ્યવસ્થા આપવામાં આવે તો અમારી આજીવિકા બચી શકે.'

આ જ વાત આગળ લઈ જતાં હાટકેશ્વર સર્કલનાં રેવાબેન તેમ જ જમાલપુર શાકમાર્કેટ પાસે વેચતાં પાલુબેને કહ્યું કે, 'અમારા ત્યાં તો મોઓઓઓ... ટો ઓવરબ્રીજ બને છે, વારંવાર અહીંથી ત્યાં ફેંકાઈએ છીએ, બસો અને વાહનોની આવન-જાવનના કારણે અમારા જેવા વેચનારા માટે ખૂબ જ ઓછી જગ્યા રહે છે, લારી કે શાકભાજી પોલીસ લઈ જાય, હવે તો શાકભાજી નદીમાં નાંખી દે. અમે છીએ ૧૦૦૦ જેટલાં વેચનારાં જમાલપુરમાં પણ, કૉર્પોરેશને ૨૫૦ વેચનારાંને જગ્યા ફૂલબજારની પાસે આપી છે આડેધડ આયોજન કરીને. અને હવે અહીં સાબરમતી રિવરફ્રન્ટનો પ્રોજેક્ટ આવી રહ્યો છે. અમારે તો સંકટ છે અને ચિંતા થાય છે. મારે તો એક વાત સહુને કરવી છે કે, આ શહેર અમારુંય છે હોં... !'

હવે વારો હતો આ નિષ્ણાતોનો...

સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેક્ટમાં પુનર્વસન પર ડૉ. રેણુ

દેસાઈએ અભ્યાસ અંગે માહિતી આપી કે, સહુથી મોટો પ્રશ્ન અહીં વસતા રહેવાસીઓનાં પુનર્વસનનો છે. રિવરફ્રન્ટ ડૅવલપમેન્ટ અને કૉર્પોરેશનના આંકડાઓમાં સતત ફેરફાર થતો રહે છે. પુનર્વસન માટેની નવી જગ્યા મૂળ જગ્યાએથી બે કિ.મી. કે તેવી ઓછા અંતરમાં હોવી જોઈએ તેનું છડેચોકે ઉલ્લંઘન થાય છે. પ્રોજેક્ટમાં પુનર્વસન માટે નાણાંની પૂરતી જોગવાઈ નથી કરાતી પણ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર વધારે ધ્યાન અપાય છે. આ પ્રોજેક્ટના લીધે પુનઃસ્થાપન માટેની તૈયાર કરાતી રૂપરેખા અને નીતિઓ અંગે તેમ જ તેના અમલ માટે વહીવટીતંત્ર સામે પ્રશ્નો ઊભા થયા છે. આ આખુંય કામ પાર્ટિસીપેટરી પ્રોસેસથી કરાય તો જ સંપૂર્ણ વિકાસ શક્ય છે.

સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેક્ટમાં સેવા આપનાર ડૉ. બિમલભાઈ પટેલે શહેરમાં જનરલ અર્બન પ્લાનીંગ અંગે વિચારો રજૂ કર્યા. તેમણે કહ્યું કે, શહેરમાં અમલમાં મુકાતા વિકાસના કાર્યક્રમોમાં ગરીબોનો ભોગ ના લેવાય તે રીતે પ્રોજેક્ટનું અમલીકરણ થાય તે જરૂરી છે. જો કે કેટલીક યોજનાઓ પૂરી રીતે ગરીબોલક્ષી હોય છે, અથવા કેટલીક યોજનાઓમાં ગરીબો ભૂલાઈ જતાં હોય છે. સરકારની કોઈપણ યોજનાની રૂપરેખા તૈયાર કરતી વખતે અથવા તેનું માળખું તૈયાર કરતી વખતે સરકારી અધિકારીઓએ કાયદાની હદમાં રહીને કામ કરવું પડતું હોય છે, આમાં ગરીબોને કેટલીકવાર અન્યાય થાય છે. અને તમામ વાતો જાહેર નથી કરાતી, નહીં તો પ્રોજેક્ટની કાર્યવાહીમાં મુશ્કેલી પડે છે. તેમણે જોકે કહ્યું કે, સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેક્ટમાં પહેલેથી જ ઝૂંપડાવાસીઓ માટે પુનર્વસનની જોગવાઈ છે. સ્લમનેટ વર્કીંગનો પ્રોજેક્ટ પાર્ટિસીપેટરી પ્રોસેસથી થાય છે તો તેનાં ઉત્તમ ફળ દેખાય છે. આ પ્રોસેસ ખૂબ અગત્યનો છે અને આની અસરથી શ્રમજીવીઓનું જીવન સુધરે છે તેનાથી સ્પષ્ટ દેખાય છે. તેવો સૂર 'સાથ' અને સેવા મહિલા હાઉસીંગ ટ્રસ્ટનો હતો.

ત્યારબાદ, 'સેવા'માંથી શાલિનીબેને પણ વેચનારાનો 'સેવા'નો સંઘર્ષ છેક ૧૯૭૨થી વિવિધ કેસો, જાહેરહિત ગુજરાત હાઈકૉર્ટમાં ચાલતી અરજી, સેપ્ટને સોંપેલ વેચનારાની યોજના બનાવવાનું કામ, વેચનારાને ઉઠાવ્યા વગર જ ત્યાં ને ત્યાં રીઍરેન્જ કરતાં સ્કીમેટીક પ્લાન વગેરે વિકલ્પોની ઊંડાણથી રજૂઆત કરી.

**અને છેલ્લે, પ્રો. ઘનશ્યામભાઈએ જણાવ્યું કે, લાખ્ખો લોકો આજીવિકા માટે, વધુ સારી જિંદગી માટે, સારા ભવિષ્ય માટે શહેરમાં આવે છે. તો શહેરની સંપત્તિનો ઉપયોગ શહેરના તમામ વસનારા માટે થવો જોઈએ. એક અભ્યાસનાં રસપ્રદ આંકડા જણાવતાં કહ્યું કે, ૧૯૮૧થી ૨૦૦૮ સુધીમાં અ.મ્યુ.કૉ.ની આવકમાં ૧૯ગણો વધારો નોંધાયો છે. શહેરમાં કુલ ૯૦૦ કિ.મી.ના માર્ગો હતા જે વધીને ૧૨૮૦ કિ.મી.ના થયા છે. ૧૯૮૧માં શહેરમાં AMTSની ૬૫૦ બસો દોડતી તે ઘટીને ૨૦૦૬માં ૧૬૪ થઈ છે. ૧૯૮૧માં AMTSના ૨૦૮ રૂટ હતા જે ઘટીને ૨૦૦૫-'૦૬માં ૩૬ થયા છે !! ૧૯૮૧માં AMCના ૩૫ દવાખાનાં હતાં જે ૨૦૦૫માં ઘટીને ૨૦ થયાં છે. ૧૯૮૧માં સરકારી પ્રસૂતિગૃહ ૨૭ હતાં જે ઘટીને ૭ થયાં છે. શહેરમાં સરકારી નિશાળો ૪૯૬ હતી જે વધીને ૫૩૯ થઈ છે પણ વસ્તીના પ્રમાણમાં જોઈએ તો નિશાળોની ટકાવારી ઘટી છે.**

હવે તો મારે જ અટકવું પડશે...

જ્યુરીનો ચૂકાદો તો જોઈએ...

જ્યુરીએ ચુકાદો આપ્યો કે,

આપણે સહુ ભારતનાં જ નાગરિકો છીએ.

આ પ્રોજેક્ટ અમલીકરણની સમગ્ર પ્રક્રિયાને માનવીય સ્પર્શ આપી અમલમાં મૂકવામાં આવે તે જરૂરી છે. દરેક નાગરિકને જીવવાનો અધિકાર છે. શા માટે તેમણે પોતાના હક્કો માટે વારંવાર કૉર્ટમાં જવું પડે છે ? વિકાસ જાણે કે એક બાજુ ચાલી રહ્યો છે. શહેરમાં ઠેર ઠેર વાહનો દોડાવવા માર્ગો પહોળા થાય છે. પણ વેચનારા માટે નાની જગ્યાનીય ફાળવણી થતી નથી. શહેરના વિકાસમાં 'સેવા' કે 'સેપ્ટ'નું મોડલ ચાલે પણ જે પ્રોજેક્ટ અમલમાં આવે તેમાં દરેક પ્રત્યે સમાનતા રાખવામાં આવે, વિચાર-વિમર્શ થાય. શહેરના વિકાસ અંગે, નાણાંની ફાળવણી માટે ચોક્કસ માહિતી કોઈની પાસે નથી આ માટે અલગ ફોરમ બનાવવાની જરૂર છે. વિકાસનાં કાર્યોમાં જેટલી પારદર્શકતા હશે તેટલું વધારે સારું રહેશે. જે પ્રોજેક્ટ હેઠળ લોકોને ખસેડવામાં આવે છે તેમને પાકાં મકાનો બાંધવાં કે નહીં અને તેમને બીજે ક્યાં ખસેડાશે તેનો સતત ભય રહે છે.

સ્લમનેટવર્કીંગ સારો કાર્યક્રમ છે પણ તેને કેમ પડતો મૂકાયો એ સમજાતું નથી. ગુજરી બજાર જેવા પ્રાચીન બજારને શા માટે રીલોકેટ કરવાનું વિચારાય છે તે સમજાતું નથી. ખરેખર શહેરનો વિકાસ કરવો હોય તો બધાને સાથે રાખીને આગળ વધવામાં આવે તે જરૂરી છે...

આમ, આ જનસૂનવાઈ પૂરી થઈ... હવે આવા રિપોર્ટ સરકારમાં મોકલાશે.

સહુથી અગત્યનું તો એ છે કે, આ એક પ્લેટફોર્મ પર બધાએ સાથે રહીને પોતાના પ્રશ્નોની રજૂઆત કરી.

ઓહ, અહમદશાહ બાદશાહના જમાનાનું અમદાવાદ અને જવાહરલાલ નેહરુ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન વખતનું અમદાવાદ !! લાગે છે ને, પૂરી આપણા સૌના અમદાવાદની તાસીર જ બદલાઈ ગઈ ?

**- મનાલી**

❑

# એ તને નહીં ફાવે

**ઇલા ત્રિવેદી**

એક વાત મને ખૂંચે બહુ,
જ્યારે લોકો મને કહે સહુ,
- એ તને નહીં ફાવે !

બાપુ કહે લાડકી તું દીકરી મારી,
ધંધો સંભાળશે દીકરો. તું કરી લે નોકરી
- એ તને નહીં ફાવે !

બા કહે, દીકરી અને ગાય દોરે ત્યાં જાય
દાક્તર, ઇજનેર છોને સહુ થાય
- એ તને નહીં ફાવે !

પતિ કહે તું છું નારી અબળા
'મરદ ઔરત એક સમાન' મૂકી દે ચેનચાળા
- એ તને નહીં ફાવે !

વીરો કહે સાંભળ બેની, ક્રિકેટ રમત છે ભાઈઓની
છોડી દેને જીદ હવે, આ બૉલિંગ-બૅટિંગ વિકેટની
- એ તને નહીં ફાવે !

આપો મને એક મોકો
તો મારી બતાવું છક્કો
શરત બસ એટલી રહી
મને કદી કહેશો નહીં
- એ તને નહીં ફાવે !

(સૌજન્ય : 'ચિનગારી', 'હેરો વિમેન્સ એસોસિએશન'-'સેતુ'માંથી)

❑

# ગાંધીજીએ ચિત્રો દોર્યાં

તા. ૩૦-૧-૧૦

ગાંધીનિર્વાણ દિને આ લખતાં મને હરખ થાય છે.

ગૂજરાત વિદ્યાપીઠમાં કલાકાર કેશવનું 'બાપૂ' ઉપરનું ચિત્રપ્રદર્શન(ઑન ધ સરરેટેડ રોડ)નું ઉદ્‌ઘાટન કરતાં ઇલાબહેને જે કહ્યું તે મને યાદ રહી ગયું તેનો હેવાલ જયંતિકાબહેને મને લખી આપવા કહ્યું તે હું લખું છું. ઇલાબહેન અંગ્રેજીમાં બોલેલા :

'હું નથી ચિત્રકાર કે નથી ગાંધીની અભ્યાસી. હું ભાઈશ્રી કેશવનાં કલાકાર પત્ની બીનાબેન ટેક્સટાઇલ ડિઝાઇનર છે તે જાણું. તે અનેક વણકરોને આંધ્રના ગામોમાં રોજગારી આપે છે અને તેમના પતિ તેમને મદદ કરે તેટલું જ જાણું. પણ, કોઈ વાંચી વાંચીને એટલું રંગાય કે ચિત્રકાર થાય તેવું મેં અગાઉ જાણ્યું નહોતું !

'કલાકાર કેશવે ગાંધીજીને ખૂબ વાંચ્યા. તેમને અંદરની આંખે જોયા. જુદા જુદા મુડ સાથે જોયા. આઝાદીના કાંટાળા પથ પરની બાપૂની જર્ની તે કલાકારની પોતાની જર્ની બની ગઈ. ચિત્રજર્નીમાં જાણે હું પણ જોડાઈ. બાપુના ૨૫ પોર્ટ્રેટ જોઈને એક વિડિયો કે સિરીઅલ જોતા હોઈએ તેવું લાગે છે. બાપૂ ઉતાવળા, વિચારમાં ખોવાયેલા, લખતા, બોલતા, તેમના સદા પ્રશ્નાર્થ કાન અને બોખા મોંના વિવિધ કળાએ લબડતા હોઠ, જાણે એક સિરીઅલ જ જોઈ લો !

'મને આ જોઈને થાય છે કે ગાંધીજીએ ખૂબ વિચાર્યું, અને લખ્યું તો ઘણું અને બધું જ હેતુસર - 'પરપઝફુલ'. પણ, જો ગાંધીજી ચિત્રકાર હોત તો ?! તેમણે કયો કાગળ લીધો હોત, તેના પર શેનું રેખાંકન કર્યું હોત, કેવા રંગ પૂર્યા હોત. તેમણે ચિત્રકલાની ઉપયોગીતા કેવી શોધી હોત. તેમણે અવશ્ય ચિત્રો દ્વારા સત્યશોધન કર્યું હોત. તો, તેમાંથી કયો અર્થ કે મર્મ પ્રગટ થયો હોત ? હિંસાના ચિત્રણમાં કેવા રંગ પૂર્યા હોત ! અલબત્ત, ગાંધીજીની ચિત્રકલાએ કોઈને દુભવ્યા તો નહીં જ હોત, પ્રેમ જ કર્યો હોત પણ કેવી રીતે, ભાઈ કેશવ તમે અમને કહી શકો ?!... ગાંધીજી કલાપ્રેમી તો હતા જ, હશે જ ને ? કેમકે ટાગોર, પંડિત નારાયણરાવ ખરે, શુભલક્ષ્મી જેવા કલાકારોને પોતાની નજીક ખેંચ્યા હતા.

'તો, 'ગાંધીઅન કલાકાર' કોબામાં કસ્તુરબા આશ્રમ જેમણે બાંધ્યો તે આર્કિટેક્ટ (નામ મને યાદ નથી) કે આપણા હકુભાઈ શાહમાં ગાંધી કેવી રીતે પ્રવેશ પામ્યા હશે !

'ગમે તેમ, પણ ગાંધીજી ઉત્તમ કલાકાર તો ખરા જ ! તેમણે કહ્યું ને કે 'મારું જીવન એ જ મારો સંદેશ છે.' એટલી સરળતાથી આપણે કહીએ કે 'તમારું જીવન એ જ તમારી કળા છે.' અને સાચે જ તેમની સત્ય, અહિંસા અને સાદગી પર રચાયેલી જીવનકલાની તોલે તો જગતમાં કોઈ ના મળે !

'ગૂજરાત વિદ્યાપીઠ આવા કલાપ્રસંગો યોજતી રહે, અહીં કલાગોષ્ટિ થતી રહે, લલિતકલાની એક ઉત્કૃષ્ટ અને પરપઝફુલ ફૅકલ્ટી અહીં ઊભી કરે તેવી આશા રાખીએ.

'કલાકાર કેશવે તેમની ચિત્રયાત્રા દ્વારા આપણને ગાંધી અને કલા વિષે વિચારતા કર્યા એ તેમનું યોગદાન અભિનંદનપાત્ર છે. તેમની ભાવિ કલાયાત્રા સરરેટેડ ન હોતાં સરળ વહેતી રહે તેવી શુભેચ્છા.'

**- વીલુ મિરઝા**

❑

# સેવા સમાચાર

## વિશ્વ ગુજરાતી સમાજનું સભ્યપદ

વિશ્વ ગુજરાતી સમાજ દ્વારા 'સેવા' ગ્રામવિકાસના સંયોજક રીમાબહેન નાણાવટીને માનદ્ સભ્યપદ આપવામાં આવ્યું. આ અંગે રીમાબહેન સાથે વાત કરતાં તેમનો પ્રતિભાવ ખરેખર સાનંદાશ્ચર્ય રહ્યો. તેમણે કહ્યું, 'સેવા'ની ૧૨ લાખ પચાસ હજાર શ્રમજીવી-બહેનોને વિશ્વ ગુજરાતી સમાજે સભ્યપદ આપી શ્રમજીવી બહેનોની કદર કરી છે. વિશ્વ ગુજરાતી સમાજ જે ખરેખર તો ગુજરાત અને વિશ્વભરના ગુજરાતીઓ માટે ગૌરવની વાત છે.

'સેવા'ની બહેનો ગુજરાતનાં છેવાડાનાં ગામડાંમાં રહે પણ કામ વિશ્વભરમાં કરે છે જેને 'લોકલ ટુ ગ્લોબલ' કહીએ છીએ. આ બહેનો અભણ હોય, ગરીબ હોય પણ તક મળે તો ગમે તેવા સાહસ કરવામાં પાછી પડે તેમ નથી. આ જ બહેનો મારી પ્રેરણાશક્તિ છે. મને હમેશાં કંઈક નવું કરવા - વિચારવા માટેની પ્રેરણા આપે છે.'

તેમણે ખાસ કહ્યું કે 'વિશ્વ ગુજરાતી સમાજના વિશ્વભરના સભ્યોને ખાસ વિનંતી કે આપ જ્યાં રહો છો ત્યાંનાં બહેનો ને ગરીબો માટેનાં કામ આપણે જોડે રહીને કરીએ.'

## એકના ત્રણ : 'સેવા'માં ચમત્કાર

'સેવા'માં ચમત્કાર રોજીંદા છે. દાખલો આપું ? 'સેવા'નાં રૂડીબહેન - પહેલાં તો વેચાણ કરતાં જ શરમાતાં અને મુંઝાય કે ગામમાં બધાં શું કહેશે ? વેપારી થઈ છે, ઘરમાં બેસતી નથી, ઘર છોડીને ધંધો કરે છે ! તોય લો, હવે રૂડીબહેન મરી મસાલા વેચવા બેઠાં. હિંમત કેળવી વેચાણ શરૂ કર્યું. પહેલાં ઘરની આજુબાજુ ઘરાક કર્યા, પછી ગામમાં અને પછી ગામેગામ. પહેલે મહિને રૂ. ૧૦૦૦નું વેચાણ થયું ને આત્મવિશ્વાસ બંધાયો, ધીરે ધીરે રૂ. ૫૦૦૦ ને આજે ત્રણ વર્ષે મહિને રૂ. ૫૦,૦૦૦ રૂપિયાનું વેચાણ રૂડીબહેન કરે છે. પણ પૈસા આવે તે ગણવા કેમ ? રાતે દીવા બાળી પોતે હિસાબ રાખતાં શીખ્યાં અને સ્ટૉક, ખરીદ કિંમત, વેચાણ કિંમત, મળતર એટલે શું તે રૂડીબહેન સમજ્યાં. ધંધો વધ્યો. હિસાબ વધ્યો. લખે કે વેચે ? લખનારા ક્યાંથી લાવે ? ખૂબ મુંઝાયાં. 'સેવા'ની મદદથી કમ્પ્યૂટર શીખ્યાં ને 'સેવા'નાં જિલ્લા ઍસોસિયેશનમાંથી લોન લઈ હોંશમાં લેપટોપ ખરીદ્યું. રાતોની રાતો લટપટ લટપટ કરી લેપટોપ વાપરતા શીખ્યાં. 'ઝટપટ હિસાબ કરું છું. રોજે રોજનો સ્ટૉક મેળવું છું. જિલ્લા ઍસોસિયેશન જોડે સંકલન કરું છું ને ઑર્ડર પણ ઈ-મેઈલથી જ આપું છું !' રૂડીબહેન વટથી કહે છે આજે. આ ચમત્કાર નથી ? એકના ત્રણ માતાજીએ કર્યા કે નહીં ?

'સેવા'ના આગેવાનો એટલે સામાન્ય બહેનોના અસામાન્ય પ્રયત્નો. તક મળે તો બહેનો કેવી ખીલે છે !

આ શ્રમજીવી કામદાર-આગેવાનોમાં જેટલું રોકાણ થશે તેટલો ભારતનો ૯ ટકા ઇન્ક્લુઝિવ ગ્રૉથ હાંસલ કરી શકશે. બાકી ગરીબ ગરીબ અને તવંગર તવંગર થશે. ગરીબી સામે શ્રમજીવી બહેનો આપમેળે લડશે ને ભારત માટે દૂસરી આઝાદી મેળવશે તેવા ચમત્કારમાં અમે 'સેવા'માં માનીએ છીએ તે આ લટપટ લેપટોપ શીખી લેનાર રૂડીબહેનોના ભરોસે માનીએ છીએ.

## આંબળા હરીફાઈમાં વિજેતા ટીમ

આણંદ કૃષિ યુનિવર્સિટીમાં તા. ૨૨-૧-'૧૦ના રોજ સ્ટેટ મેડીશીનલ પ્લાન્ટ બૉર્ડ, ગાંધીનગર દ્વારા આંબળાની ઉપર સેમિનાર યોજાઈ ગયો. જેમાં આંબળાની વિવિધ બનાવોની હરીફાઈમાં આણંદ સેવા વનીકરણ ઝુંબેશના બીજએકત્રીકરણ જૂથે એક સાથે કુલ ત્રણ ઈનામો મેળવી 'સેવા'નું ગૌરવ વધાર્યું છે.

આંબળા સેમિનારમાં કુલ ૩૪ સંસ્થાઓ અને સો જેટલાં વ્યક્તિગત સભ્યોએ આ હરીફાઈમાં ભાગ લીધો હતો. ગુજરાતના પૂર્વ કૃષિમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા તથા કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રીના હસ્તે ત્રણ ઇનામ સર્ટીફિકેટ મેળવી 'સેવા'ની વનીકરણ કામગીરીને બિરદાવી. કુલ ત્રણ ઇનામોમાં બે પ્રથમ નંબરે અને એક ત્રીજા નંબરે જે નીચે પ્રમાણે છે :

**પ્રથમ ઈનામ :** ૧. આંબળાનાં અથાણામાં અને આંબળાનાં શરબતમાં.

**ત્રીજું ઈનામ :** આંબળાના મુખવાસમાં.

સેમિનારનો મુખ્ય હેતુ એ હતો કે આંબળાના ફળમાં વિટામીન 'સી' ભરપૂર છે અને તેના ગુણો તથા ફાયદા ખૂબ જ છે. પરંતુ તેનો ખાવામાં ઉપયોગ ખૂબ જ ઓછા લોકો કરે છે તો તેનો ખાવામાં વધુમાં વધુ ઉપયોગ કરે તેવી લોકોમાં જાગૃતિ આવે અને દરેકનું આરોગ્ય જળવાય.

સેમિનારમાં 'સેવા'ના આંબળા રોપઉછેરના સાકાં, વડોદરા, દાહોદ અને પંચમહાલના સભ્યોએ પણ ભાગ લીધો અને આંબળાનું મહત્ત્વ સમજ્યા.

## જાણકારી દ્વારા રોજગારી

અનેક જાતની મુશ્કેલીઓનો સામનો કરીને જાતમહેનતના જોરે આગળ આવેલ ગાંધીનગર જિલ્લાનાં ભુતેશ્વરી ગામનાં ખેતમજૂર સરોજબેન મગનભાઈ વણકર 'સેવા'ની સંચાલન ટુકડીના સભ્ય છે. 'સેવા'ની ઘણી બધી તાલીમોમાં ભાગ લીધો

છે. આ તાલીમમાંથી મળેલ જ્ઞાનને માત્ર પોતાનાં સુધી સીમિત ન રાખતાં અન્ય બહેનોને પણ માહિતગાર કર્યાં છે.

તાલીમમાં ભાગ લેવાની અગત્યતા અને તેમાંથી મેળવેલ જ્ઞાનનો નક્કર ઉપયોગ કેવી રીતે થઈ શકે તેનો પુરાવો આપતાં સરોજબેને જાણકારીને પોતાની રોજગારી સાથે જોડીને ઘણું જ પ્રસંશનીય કામ કર્યુ છે. 'સેવા'નાં જ્ઞાન-વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ચાલતી તાલીમોમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારીના કાયદા વિષે અને તેનાથી ગ્રામીણ લોકોને થતા ફાયદા વિશેની પૂરતી માહિતી મેળવી. તેમણે પોતાનાં ગામમાં જઈને અન્ય બહેનોને જણાવી. ગામના કોઈને પણ સરકારની આ યોજના વિશે ખાસ ખબર નહોતી. ગરીબોની રોજગારીની વાત જાણીને ગામલોકો એકઠાં મળ્યાં ને રોજગારી મેળવવાનો નિર્ણય કર્યો. પ્રશ્ન હતો તેમનાં ગામના સરપંચના અસહકારનો. સરપંચે શરૂઆતમાં તો આ યોજનાથી અજાણ હોવાનું નાટક કર્યું પણ જ્યારે ગામલોકોએ સંગઠિત થઈને પોતાની રજૂઆત કરી કે 'આ યોજના સમગ્ર દેશમાં લાગુ છે અને આપણાં ગામમાં કેમ નહિ ?' ત્યારે સરપંચે પોતાની ભૂલ સ્વીકારી અને ગામલોકોને આ યોજના વિશે માહિતી આપીને તેમના ગામમાં પણ આ યોજના અમલીકૃત કરાવડાવી.

આમ, સરોજબેનની જાણકારી કેટલાંય ગરીબલોકો માટે રોજગારીનું માધ્યમ બની !

આ જ જિલ્લાના ઊર્મિલાબહેન પરમાર કે જેઓ 'સેવા'ની કારોબારીના સભ્ય તેમ જ રૂપાલ ગામનાં વતની છે તેમણે પણ 'જાણકારી એ જ બચાવ' સૂત્રને સાર્થક કર્યુ. 'સેવા'ના જ્ઞાન-વિજ્ઞાન કેન્દ્ર અંતર્ગત 'સરકારની ૧૦૮ની એમ્બ્યુલન્સ સેવા' વિષે ઉપરની તાલીમમાં ભાગ લીધા બાદ તેમના ગામમાં જ્યારે સગર્ભા માતા અને તેના બાળકનો જીવ જોખમમાં હતો તેવા સમયે તેમણે પોતાની જાણકારીનો ઉપયોગ કરીને સમયસરની મદદ પહોંચાડીને માતા અને તેના આવનાર બાળકનો જીવ બચાવ્યો.

આવા અનેક સફળ દાખલાઓ છે જેના દ્વારા 'સેવા'નું જ્ઞાન-વિજ્ઞાન કેન્દ્ર ધમધમે છે.

## આકાશગંગા કિશોરીમેળો

કિશોરીઓમાં શિક્ષણ સાથે સ્વશક્તિનો વિકાસ થાય, તેમનામાં રહેલી આંતરિક શક્તિ બહાર આવે અને પોતાનાં સ્વાસ્થ્ય પ્રત્યે તેઓ જાગૃત થાય તે હેતુથી સેવા અકાદમી, મનીપુરમાં તા.૨૪ ડિસેમ્બર, ૨૦૦૯ના રોજ આકાશગંગા કિશોરીમેળો યોજાઈ ગયો. તેમાં શહેરની આકાશગંગા કલબના ૧૩ કેન્દ્રની અને સેવા અકાદમી કૌશલ્ય માહિતી કેન્દ્રની મળીને લગભગ ૮૦૦ જેટલી કિશોરીઓ, સંચાલિકા અને કાર્યકર્તા બહેનોએ ભાગ લીધો હતો.

આ જ ઉદ્દેશથી કેટલાક ડૉક્ટરોને આમંત્રિત કર્યા હતા. ક્રિશ્ના હાર્ટ હૉસ્પિટલના ડૉ. મહાદેવ લોહાણાએ પ્રાથમિક સફાઈની માહિતીની સાથે આત્માની ચોખ્ખાઈ રાખવા જણાવ્યું હતું. ગવર્મેન્ટ ડૅન્ટલ કૉલેજના ડૉ. બાબુભાઈએ દાંતની રોજીંદી સામાન્ય સંભાળ વિશે જણાવ્યું હતું.

શિક્ષણ સાથે જોડાયેલા પૂજાબહેને કહ્યું કે, 'જે કામ ભાઈઓ કરે તે 'સેવા'ની બહેનો કરે છે. કિશોરીઓને શિક્ષણ લઈ આગળ વધવા જણાવ્યું હતું, મનીપુર, અકાદમીની બાજુમાં આવેલી ડૅન્ટલ કૉલેજના ડૉ. ઋષભ, કિરીટભાઈ તથા આરતીબહેને પણ દાંતના રોગો અને તેના અટકાવ, સંભાળ વિશે માહિતી આપી હતી.

સાક્ષરતાના સંચાલક વંદનાબહેન તથા વિડિયોસેવાના સંચાલક નીલમબહેને 'સેવા' અને સેવા અકાદમી વિશે માહિતી આપી હતી. રેડિયોટીમના વર્ષાબહેનના સંપર્કમાં આવેલા ડૉ. ત્રિવેદી અને તેમનાં નર્સ-પત્ની સુભદ્રાબહેને પણ મેળાની મુલાકાત લીધી હતી. તેમણે નાની કિશોરીઓને અને સંચાલિકા બહેનોના નાનાં બાળકોને વાંસળી ભેટ આપી હતી.

મેળામાં પબ્લીકેશન, ખાણીપીણીની વસ્તુઓ, કારીગર બહેનોએ તૈયાર કરેલ લાકડાની હાથબનાવટની વસ્તુઓ, બ્યુટીપાર્લર, કટલરી વસ્તુઓ, લોકસ્વાસ્થ્ય મંડળી, પાથરણાં બજાર વગેરે પણ હતાં.

આ મેળામાં સેવા અકાદમીના શ્રી નમ્રતાબહેન, શ્રી શાન્તાબહેન કોષ્ટિએ પણ હાજર રહી શુભેચ્છા અર્પી હતી.

સાક્ષરતા – સંચાલક શ્રી વંદનાબહેને સંચાલન કર્યું હતું. સાક્ષરતાના દિક્ષીતાબહેને શાન્તાક્લૉઝ બની કિશોરી, બાળકોમાં આનંદ - ઉત્સાહ વધાર્યો હતો.

## ભાગ લીધો કેન્સર જાગૃતિ કાર્યક્રમમાં

વર્લ્ડ કેન્સર દિવસ ૭મી નવેમ્બરે મનાવવામાં આવે છે. એમ. પી. શાહ કેન્સર હૉસ્પિટલ અને ગુજરાત કેન્સર રિસર્ચના ઉપક્રમે યોજાયેલ 'રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિને', 'સેવા'ની સામાજિક સુરક્ષા તરફથી ડૉ. રેણુકાબહેન પટવાએ ભાગ લીધો.

સમાજમાં આ રોગની જાણકારી માટે વહેલી તકે તપાસ કરાવવી જરૂરી છે. આજે વિજ્ઞાનની પ્રગતિ, નવાં સંશોધનો અને સાધનોની શોધથી કેન્સર જલદી ઓળખી શકાય છે.

બહેનોમાં બે પ્રકારના કેન્સર સામાન્ય છે : સ્તન કેન્સર અને ગર્ભાશયના મુખનું કેન્સર. જેનું પ્રમાણ કુલ કેન્સરના ૪૫ ટકા છે : ડાયરેક્ટર ડૉ. પંકજભાઈ શાહે જણાવ્યું.

સેવા લોકસ્વાસ્થ્ય મંડળી તરફથી આ બન્ને રોગની જાણકારી માટે પત્રિકા તૈયાર કરી છે. સભ્યોએ લાભ લેવો. ગુજરાત કેન્સર સોસાયટી સાથે રહીને આ અંગેની તપાસ વિના મૂલ્યે થાય તેવું આયોજન કર્યું છે. વધુ સંપર્ક માટે મળો ડૉ. રેણુકાબહેન પટવાને 'ચંદાનિવાસ'માં.

## શા માટે બી. ટી. રીંગણ....?

બી. ટી. કપાસના કડવા-મીઠા અનુભવો પછી હવે વારો છે બી. ટી. રીંગણનો. દુનિયામાં હજી સુધી ક્યાંય બી. ટી. રીંગણને મંજૂરી અપાઈ નથી. પણ ભારતમાં તે મંજૂરીની વાટ જોઈને ઊભેલો પહેલો ખાદ્ય પાક છે. માત્ર બી. ટી. રીંગણ જ નહીં, પણ તેની પાછળ આવી રહી છે જનીન-રૂપાંતરીત પાકોની મોટી લંગાર. જે મોટા ભાગની નફાખોર કંપનીઓએ વિકસાવી છે.

ભારતમાં વનસ્પતિ કે પ્રાણીના જનીન રૂપાંતરણનું કામ જીનેટિક એન્જિનનિયરીંગ એપ્રુવલ કમિટી કરે છે. તેણે બી. ટી. રીંગણની ખેતીની છૂટ આપી છે. પરંતુ, કેન્દ્રના પર્યાવરણ મંત્રી શ્રી જયરામ રમેશે દેશભરમાં આ બાબતે પ્રજા સાથે સંવાદ કર્યા પછી જ નિર્ણય લેવાશે તેમ જણાવ્યું.

ગુજરાતમાં ખાસ બી. ટી. કપાસના ઉત્પાદનનો અનુભવ બી. ટી. રીંગણમાં પણ કામ આવી શકે. તે અંગે અમદાવાદમાં ૨૦૧૦ના જાન્યુઆરીની ૧૯મીએ એ.એમ.એ. સૅન્ટરમાં પ્રજા સંવાદ યોજાઈ ગયો. જેમાં 'સેવા'નાં સભ્યો પૈકી ૩ લાખ ખેડૂત સભ્યોને જે અસર થઈ રહી છે તેની રજૂઆત કરવા 'ખેતી ઝુંબેશ.' વતી આગેવાનો અને સંગઠકોએ ભાગ લીધો.

૨૦ વર્ષથી 'સેવા'નાં સભ્ય એવાં મહેસાણા જિલ્લાનાં ખેડૂત જશીબહેન સોલંકીએ કહ્યું : 'શરૂઆતમાં બધા ખેડૂતો બી. ટી. તરફ વળ્યા, આજે પાછા તે દેશી જાતો પર આવ્યા છે. બી. ટી.નો ઘાસચારો પણ ઢોરો નથી ખાતા, જમીનો પણ બગડી. તેનાં બિયારણો પણ કેટલાં મોંઘાં ? ખેડૂતોને પૂછો કે બી. ટી. રીંગણની જરૂર છે ? તેમને તો મૂડી અને બજારની જરૂર છે. મોંઘાંદાટ બિયારણ લાવીને તો દેવામાં ડૂબી જવાય છે. અમારાં બહેનોની મંડળી ગણેશપુરામાં છે. તેમાં ૧૦ વર્ષથી રાસાયણિક ખાતર વાપર્યું નથી. દેશી જાતથી જ રીંગણ વગેરે ઊગાડીએ છીએ. દેશી જાતો જતી રહેશે, તો જમીન પણ બગડશે અને પર્યાવરણ પણ બગડશે.'

ખેડા જિલ્લાના સોખડાભાટા ગામનાં શાકભાજી ઉગાડનારાં એસ્તરબહેને પણ કહ્યું કે, 'બહેનો રીંગણનું ધરુ કરે છે અને તેને વેચે પણ છે. અત્યારે રીંગણની ડૌલી અને અન્ય જાતો જે અમારા વિસ્તારમાં થાય છે તેના ધરુવાડીયા કરીએ છીએ અને તે ધરુ વેચીને આવક મેળવીએ છીએ. જો બી. ટી. રીંગણ આવે તો કંપની બિયારણ આપે અને અમે તો ઉત્પાદન ના કરી શકીએ. આપણે ગામડાં અને ગામના નાના અને સીમાંત ખેડૂતોને સધ્ધર કરવા માંગીએ છીએ કે કંપનીને ?'

આમ 'સેવા'નાં બહેનોએ રજૂઆત કરીને સમગ્ર માનવજાત તેમ જ જમીન સામે રહેલા જોખમ જણાવી આપણી પરંપરાગત મૂળભૂત જાતોની જાળવણી કરવા જણાવ્યું.

## જશીબહેને મંત્રીશ્રીને આપેલ આવેદનપત્રનો સાર :

સમગ્ર વિશ્વમાં આર્થિક કટોકટીના પરિણામે મોટાભાગના ઉદ્યોગ-ધંધાઓ પડી ભાંગ્યા. જેની સીધી અસર ગરીબ શ્રમજીવીની રોજગારી પર પડી. ખેતીમાં ખેતમજૂરો અને ખેડૂતોનો સમાવેશ થાય છે. ખેડૂતોમાંથી ૮૪ ટકા ખેડૂતો નાના અને સીમાંત છે. જેમની પાસે બે હૅક્ટર કરતાં પણ ઓછી જમીન છે. દેશના આર્થિક વિકાસમાં ખેતીનો ફાળો ૧૯ ટકા છે. તેમાં નાના અને સીમાંત ખેડૂતોનો ફાળો ૫૦ ટકા જેટલો થાય છે. આ ખેડૂતો તેમના ઘર પાસે કે નાની વાડીમાં રીંગણ ઉગાડે છે. રીંગણ એ સર્વત્ર અને બારેમાસ ઉગાડીને ઉપયોગમાં લેવાય છે. ભારતભરમાં તેની અનેક જાતો ઉગાડવામાં આવે છે. રીંગણની બી. ટી. જાત આવવાને કારણે રીંગણની પારંપરિક જાતોનું ભવિષ્ય જોખમાશે. બી. ટી.ના રૂપે એક જ જાત ઉગાડવામાં આવશે. આને કારણે આરોગ્યને નુકસાન થવાનો ભય જણાયો છે. અન્ય જીવાતની સરખામણીમાં ફ્રુટ બોરર નામની જીવાત જેમની તેમ જ રહેશે.

નાના તેમ જ સીમાંત ખેડૂતો નાના પાયે રીંગણનું ઉત્પાદન કરતાં હોય છે. તેઓ ગ્રાહકની જરૂરિયાતને પ્રાધાન્ય આપે છે. પણ બી. ટી. રીંગણની જાત બજારમાં આવશે તો ગ્રાહકની જરૂરિયાત કે પસંદગીને અવકાશ નહીં રહે.

ઉપરાંત, બી. ટી. રીંગણને કારણે આરોગ્ય સામે એક મોટો ખતરો છે. તેના ઉત્પાદન અને બાયો-કેમિકલના વપરાશના કારણે બાળકો અને સ્ત્રીઓના આરોગ્યને વધુ નુકસાન થાય છે. તેમ જ જમીન ઉપર તેના મૂળીયાં પડવાના કારણે હવા તેમ જ જમીનને પણ નુકસાન થશે તેવું માનવામાં આવે છે.

બી. ટી. રીંગણના બિયારણના ભાવ નાના ખેડૂતોને પોષાય નહીં તેથી તેઓ મોટા ખેડૂતો સામે ટકી ન શકે. ઉપરાંત, આપણે આર્થિક કટોકટી તેમ જ જળવાયુ પરિવર્તન જેવી બે મોટી સમસ્યાઓનો સામનો કરી રહ્યાં છીએ તેવી પરિસ્થિતિમાં ખેતીને આપણે કેવી રીતે પગભર કરી શકીશું ?

❑

## 'સેવા'ની પાટે

### આ તે કેવી મોંઘવારી !

ધ્રાંગધ્રાનાં હીનાબહેન 'સેવા'ની પાટે બેઠાં છે. ત્યાં મીઠાગોઢાનાં ધનુબા બોલ્યાં : 'બુન, એક વરહથી અમારાં ગામડાંમાં નાણાંભીડ તો ચાલતી હતી. ત્યાં છેલ્લા છ મહિનાથી ધીમે ધીમે કરતાં મોંઘવારી એટલી બધી વધી ગઈ છે કે ૨૫૦ ગ્રામ મગની દાળ ને ચોખાની ખીચડી કરીને પહેલાં ખાતાં પણ હવે ચોખામાં માંડ ૧૫૦ ગ્રામ દાળ નાખીને ખીચડી બનાવીએ છીએ. શાક પણ કેટલાં મોંઘાં ? પહેલાં શાકમાં રસો ઓછો કરતા અને હવે તો

**'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On F/N Basis on 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2009-11 Issued by S.S.P. Valid 2009 up to 31-12-2011.**

Ahmedabad P.S.O.
6-2-2010

વધારે રસાવાળું શાક કરીને પાંચેનું પૂરું કરવું પડે છે.'

ત્યાં તો ગાજણપાપનાં જસુબહેન કહે, 'પહેલાં હું ને મારો દીકરો અઠવાડિયામાં એકવાર દાળભાત બનાવતાં, કારણ કે તુવરદાળ ત્યારે ૩૦-૪૦ રૂપિયે કિલો હતી. હવે તો ૮૦ રૂપિયા થઈ ગયા, દાળનું નામ લેતાંય હાયકારો થઈ જાય છે. શું થશે ?'

સુરેલનાં નાનુબહેન તળશીભાઈ કહે, બેન, શાકભાજી, અનાજની આટલી બધી મોંઘવારી પહેલીવાર જોઈ. પહેલાં તો અમે રોટલો, લસણની ચટણી, ડુંગળી ને ગૉળ ખાઈને પેટ ભરતાં. હવે તો ડુંગળી પણ ૧૫ રૂ. કિલો ને લસણ તો ૧૦ રૂ.નું ૧૦૦ ગ્રામ. ગૉળના તો સીધા ૪૦ ઉપર થઈ ગયા. રોટલો ને કઢી બનાવીને ખાઈએ. છાશ પહેલાં તો ગામમાં મફત મળતી હવે ૨ રૂપિયાનો લોટો છાશ મળે. રોટલો ચોળીને પેટ ભરીએ.

ઓડુ ગામનાં હીરાબહેન ચતુરભાઈ બોલ્યાં, 'બેન, મગદાળના ભાવ તો ક્યાં પોંક્યાં ? આટલું મોંઘું કેમ કરી ખવાય ? અમે તો અમારા વાડામાં મઠ ઉગાડતા. એ પહેલાં તો વેચી દેતાં, પણ હવે તો મઠ ભરડીને એની દાળ બનાવીએ ને એની ખીચડી બનાવીએ. ખાવામાં થોડો સંતોષ વળે. નહિતર સવારે ને સાંજે રોટલા ને કઢી.

બેન, ખેતમજૂરીએ માંડ માંડ મળે. ખોરાક પૂરતો ન મળે તો મજૂરી એ કેમ થાય ?!

હીનાબહેન કહે, બધાના મોંએ એક જ વાત છે આટલી બધી મોંઘવારી ? શું ખાવું ? પેટની ભૂખ કેમ સંતોષવી ? આપણાં બહેનોની પરિસ્થિતિ જોઈને થાય છે કેમ કરીને ગાડું આગળ હાલશે !! સરકાર કંઈ કરશે ? કંઈક તો કરશે ને ? ❑

## અનસૂયા

- **થોકબંધ પ્રકટતાં વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે**
- **શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલાવિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.**
- **'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'ના ફલકનો વ્યાપ પણ વધ્યો છે.**
- **વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા વાર્ષિક લવાજમ રૂ. ૨૦ અથવા આજીવન રૂ. ૫૦૦નો સૌનો સાથ અગત્યનો ગણાશે.**

**દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે 'અનસૂયા' પ્રકટ થાય છે.**

**: લવાજમ મોકલવાનું સ્થળ :**

**શ્રી મહિલા સેવા અનસૂયા ટ્રસ્ટ**

સેવા રિસેપ્શન સેન્ટર, ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ-૩૮૦૦૦૧
(ફોન ૨૫૫૦૬૪૪૪, ૨૫૫૦૬૪૭૭)
Please visit our website : www.anasooya.org
E-mail : mail@anasooya.org

માલિક : શ્રી મહિલા સેવા અનસૂયા ટ્રસ્ટ વતી તંત્રી-પ્રકાશક-મુદ્રક : નમ્રતા બાલી, સેવા રિસેપ્શન સેન્ટર, ટિળક બાગ સામે, ભદ્ર, અમદાવાદ ૩૮૦ ००૧
મુદ્રણસ્થાન : પ્રિન્ટવૅલ પ્રિન્ટર્સ, બહાઈ સેન્ટર, શાહપુર, અમદાવાદ ૩૮૦ ००૧. (વા. લ. રૂ. ૨૦/-) આદ્યતંત્રી : જયન્તિકા જયન્તભાઈ

**અનસૂયા**

6-2-2010

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ 380 001